અડાજણમાં 22 લાખ લીટર પાણી સંગ્રહ કરતી ટાંકી જર્જરીત

તડકેશ્વર, વલસાડની ઘટના બાદ રાજ્યભરમાં પાણીની જર્જરિત ટાંકીઓ ચર્ચામાં છે

ત્યારે સુરતમાં દાદરથી લઇને પીલરમા તિરોડો ઘરાવતી ટાંકી જોખમી

બહારથી જર્જરિત દેખાતી ટાંકીની અંદર પણ ગંદકીનું સામ્રાજ્ય

ટાંકીની બાહ્ય સ્થિતિ જેટલી ખરાબ છે, તેટલી જ ભયાનક અંદરની સ્થિતિ છે. ટાંકીના ઉપરના ભાગે ચઢવા માટે જે દાદર બનાવવામાં આવ્યો છે, તે એટલો જર્જરિત છે કે તેના પર ચઢનાર વ્યક્તિ ગમે ત્યારે નીચે પટકાઈ શકે છે. દાદરના સળિયા કાટ ખાઈ ગયા છે અને તે નબળા પડી ગયા છે. એટલું જ નહીં, ટાંકીની અંદર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યું છે. જે પાણી લોકોના ઘરો સુધી પહોંચે છે, તેની શુદ્ધતા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. પીલરમાં પડેલી તિરાડો અને અંદરની અસ્વચ્છતા એ વાતનો પુરાવો છે કે વર્ષોથી તેની કોઈ મરામત કરવામાં આવી નથી.

સુરતઃ ગુજરાતમાં હાલ પાણીની ટાંકીઓના નિર્માણ અને તેની ગુણવત્તા પર મોટા પ્રશ્નાર્થો ઉભા થયા છે. માંડવીના તડકેશ્વરમાં 21 કરોડના ખર્ચે બનેલી નવી ટાંકી લોકાર્પણ પહેલા જ ધરાશાયી થઈ અને વલસાડમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી. આ ઘટનાઓ બાદ રાજ્યભરમાં પાણીની જર્જરિત ટાંકીઓ ચર્ચાનો વિષય બની છે, સરકારે પણ આવી ટાંકીઓની વિગતો મંગાવી છે. ત્યારે સુરત મનપાની અડાજણ સ્થિત ટાંકીની હાલત પણ જોખમી હોવાની વિગતો બહાર આવી છે.

અડાજણમાં વર્ષ 1997માં બનાવવામાં આવેલી 22 લાખ લીટર પાણી સંગ્રહની ક્ષમતાવાળી પાણીની ટાંકી જર્જરિત હાલતમાં છે. ટાંકીની બહારના ભાગેથી પોપડા ઉખડી રહ્યા છે અને અંદરના લોખંડના સળિયા સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. 22 લાખ લિટરની વિશાળ ક્ષમતા ધરાવતી ટાંકી પર લાખો પરિવારોના પીવાના પાણીનો આધાર છે. પરંતુ તેની હાલત જોતા એવું લાગે છે કે તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે. ટાંકીના દાદર નજીકના પીલરમાં તિરાડો જોવા મળી છે. જો 22 લાખ લિટર પાણીનો ભાર આ નબળા દાદર સહન ન કરી શક્યા, તો આસપાસના રહેણાંક વિસ્તારોમાં ભારે તબાહી મચી શકે છે. ગંભીર સ્થિતિ હોવા છતાં, આ ટાંકી હજુ પણ કાર્યરત છે, જે વહીવટી તંત્રની બેદરકારી સૂચવે છે.

કુરૂરાજ મહાદેવ ટ્રસ્ટની કરોડોની મિલકત પર ભૂમાફિયાની નજર?

જહાંગીરપુરામાં ગેરકાયદે ભાડાપટ્ટા અને દબાણ સામે કલેક્ટરને રજૂઆતો

ચેરિટી કમિશનરની મંજૂરી વગર ૪૦ વર્ષનો ભાડાપટ્ટો, ટ્રસ્ટમાં માન્ય ટ્રસ્ટી મંડળ નથીઃ સરકારી વહીવટદાર નિમવાની માંગ

સુરતઃ જહાંગીરપુરા વિસ્તારમાં જાહેર પબ્લિક ટ્રસ્ટ કુરૂરાજ મહાદેવ ટ્રસ્ટની કરોડોની કિંમત ધરાવતી જમીનો પર ગેરકાયદે દબાણો અને ભાડાપટ્ટા થવાના ગંભીર આક્ષેપ સાથે વિરેશ પટેલ સહિતના સ્થાનિક રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને અરજી કરી છે.

અરજદારોના જણાવ્યા મુજબ, ટ્રસ્ટની મોજે જહાંગીરપુરાની બ્લોક નં. ૪૮, ૫૩ અને ૧૫૮ જેવી અતિ કિંમતી જમીનો ભૂમાફિયાઓ દ્વારા પચાવી પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આ જમીનો જાહેર ટ્રસ્ટની માલિકીની હોવા છતાં તેના રક્ષણ માટે કોઈ અસરકારક કાર્યવાહી થતી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજીમાં જણાવ્યા મુજબ, માફીયાઓએ ખોટા પેઢીનામાના આધારે રેવન્યુ રેકોર્ડમાં વારસાઈ નોંધ નં. ૨૩૦૬ દાખલ કરી હતી. જે અંગે ચાલેલા તકરારી કેસમાં નાયબ કલેક્ટર સિટી પ્રાંત સુરત દ્વારા ૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ આ નોંધ નામંજૂર કરવામાં આવી હતી. હુકમમાં પી.ટી. આર. અને રજૂ કરાયેલા વારસદારોના નામોમાં ગંભીર તફાવત હોવાનું પણ સ્પષ્ટ કરાયું છે. તેમ છતાં જમીન પચાવી પાડવાના પ્રયાસો ચાલુ હોવાનું અરજદારોનું કહેવું છે. હાલ ટ્રસ્ટમાં કોઈ સક્ષમ અને માન્ય ટ્રસ્ટી મંડળ અસ્તિત્વમાં ન હોવાથી વહીવટ અસ્તવ્યસ્ત બન્યો છે અને મિલકતો જોખમમાં મુકાઈ છે. ટ્રસ્ટની મિલકત ચેરિટી કમિશનરની કોઈ પૂર્વ મંજૂરી વગર ત્રીજા પક્ષને ૪૦ વર્ષના લાંબા ગાળાના ભાડાપટ્ટે આપવાનો ગંભીર મુદ્દો પણ અરજીમાં ઉઠાવવામાં આવ્યો છે. ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટની કલમ-૩૬ મુજબ ૧૦ વર્ષથી વધુના ભાડાપટ્ટા માટે ચેરિટી કમિશનરની મંજૂરી ફરજિયાત હોવા છતાં આ પ્રક્રિયા અપનાવવામાં આવી નથી. આ ભાડાપટ્ટાના આધારે જમીન પર તબેલા અને ખોલીઓ ગેરકાયદે ઉભી કરવામાં આવ્યા હોવાનો પણ આક્ષેપ છે, જે ટ્રસ્ટના હેતુ સામે છે.

પાંડેસરામાં દીવાલમાં માથું અથડાવી પિતાને મારી નાંખ્યા

ઓટોરિક્ષા ખરીદવા બે લાખ માંગ્યા, પિતાએ આપવાની ના પાડી હતી

પોસ્ટમોર્ટમમાં મલ્ટિપલ ઇજરીનો રિપોર્ટ

આ કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટથી વધુ ભયાનક હકીકત સામે આવી છે. પાંડેસરા પોલીસ ઇન્સ્પેક્ટર જે.સી. જાદવે જણાવ્યું હતું કે પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટમાં જ મૃતકના શરીરના અલગ અલગ ભાગોમાં મલ્ટીપલ ઇજાઓ થયાનું સ્પષ્ટ બહાર આવ્યું છે. આરોપી પુત્રએ પિતાને ઢીકમુક્કીનો ઢોરમાર માર્યો હતો. પેટ, છાતી અને માથાના ભાગમાં ગંભીર ઇજાઓ નોંધાઈ હોવાનું રિપોર્ટમાં દર્શાવાયું છે. પાંડેસરામાં પિતાની હત્યાના ગંભીર ગુનામાં પોલીસે મૃતક જયવંત પાસવાનના પુત્ર જગદીપ ઉર્ફે નિશાંત સામે ગુનો નોંધ્યો છે. આરોપીએ માથું દીવાલમાં અથડાવી અને પેટમાં ભારે માર મારતા પિતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

સુરતઃ પાંડેસરામાં ઓટો રીક્ષા ખરીદવા માટે પિતા પાસે રૂપિયા બે લાખની માગણી કરનારા પુત્રને પિતાએ સ્પષ્ટ ઇનકાર કરતા ઉશ્કેરાયેલા પુત્રએ પિતાની ઢીકમુક્કીનો માર મારી નિર્દયી હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે.

મૂળ બિહારના પટના જિલ્લાના પાલિગંજ તાલુકાના લાલગંજ સહેરા ખપુરા ગામના વતની જયવંત પાસવાન હાલ સુરતના પાંડેસરા વડોદ ગામે આશીર્વાદ નગર સોસાયટી નજીક મહેન્દ્રભાઈની ચાલમાં પરિવાર સાથે રહેતા હતા.

તેમની સાથે તેમનો નાનો દીકરો જગદીપ ઉર્ફે નિશાંત વસવાટ કરતો હતો, જ્યારે મોટો દીકરો નિતેશ બિહારમાં રહી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગત 30/01/2026ના રોજ બપોરે જગદીપ ઉર્ફે નિશાંતે પિતા જયવંત પાસે ઓટો રીક્ષા ખરીદવા માટે રૂપિયા બે લાખની માગણી કરી હતી. પિતાએ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ રૂપિયા આપવા ઇનકાર કરતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

વાત વધી જતા ગુસ્સે ભરાયેલા પુત્રએ પિતાને ઢીકમુક્કીનો ઢોર માર માર્યો હતો અને માથું પકડી દીવાલમાં અથડાવ્યું હતું. ગંભીર આંતરિક ઈજાઓને કારણે જયવંતને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે આરોપી પુત્ર સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

અડપલાં કરી આધેડે પૂછ્યું: 'મજા આવી કે કેમ?'

કાપોદ્રાની ઘટના, છેડતી કરનારો ૫૪ વર્ષીય આધેડ જેલભેગો

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને હીરા મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા રત્નકલાકારની ૧૨ વર્ષની પુત્રી ગત તા.૨/૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાના સુમારે સોસાયટી બહાર આવેલી ફ્લોરમિલ પર બાજરો લેવા ગઈ હતી. તે સમયે ત્યાં હાજર રહેલા આધેડે સગીરાને તેનું નામ અને ગામ પૂછ્યું હતું. બાળકી જ્યારે લોટ લઈને પરત ઘરે જઈ રહી હતી, ત્યારે આ આધેડે તેનો પીછો કર્યો હતો. જે બાદ આગળ ફરી નરાધમ આધેડે આવાસના ગેટ પાસે સગીરાને આંતરી બાહુપાશમાં લઈ ફરીથી તેનું નામ પૂછ્યું હતું અને તેને અડપલાં કર્યાં હતાં. એટલું જ નહીં, આ શખ્સે નિર્લજ્જતાની હદ વટાવતા સગીરાને 'તને મજા આવી કે કેમ?' તેવું પૂછતાં સગીરા ગભરાઈ ગઈ હતી અને રડતી રડતી ઘરે પહોંચી હતી. સગીરાએ પિતાને આપવીતી જણાવતાં પિતાએ સ્થાનિક લોકોની મદદથી તપાસ કરી પોલીસને જાણ કરી હતી. કાપોદ્રા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં છેડતી કરનાર શખ્સ મુળજીભાઈ વીરજીભાઈ બારૈયા (ઉં.વ.૫૪) હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે તેની ધરપકડ કરી હતી.

અલથાણમાં શોર્ટ સર્કિટથી ઓવનમાં આગ, ઘરના સભ્યોએ પાણી છાંટીને બુઝાવી

સુરતઃ અલથાણમાં સાંઇ એન્ક્લેવ બિલ્ડિંગના એક ફ્લેટમાં આજે સવારે ઓવનમાં શોર્ટસર્કિટ થતા આગ ભડકી ઉઠી હતી.. જેના લીધે ધુમાડો નીકળતા ઘરના સભ્યોમાં ભય ફેલાયો હતો. તેઓએ હિંમત દાખવીને પાણી છાંટી આગ પર કાબૂ મેળવ્યો હતો. કોલ મળતા ફાયરના જવાનોએ ત્યાં પહોંચીને કુલિંગની કામગીરી કરી હતી આગને લીધે ઓવન, વાયરિંગ સહિતની વસ્તુને નુકસાન થયું હતું.

પુણામાં 'લાલા'ના રાજમાં ખાખી ખરડાઈ, કમિશનરની એન્ટ્રીથી ફફડાટ

PI તો માત્ર રબ્બર સ્ટેમ્પ! કોન્સ્ટેબલ લાલો વહીવટદાર બની 'સાહેબ'ની જેમ ફરે છે

મહિને 1.50 કરોડના હપ્તાખોરીના આક્ષેપોથી ખળભળાટ

રહેણાક વિસ્તારો અને શાળાઓની આસપાસ પણ બુટલેગરોનો આતંક, બુટલેગરોનું લિસ્ટ

રમીલાઃ કુંભારિયા નગર પ્રાથમિક શાળાની દીવાલ પાસે.
સિકંદરઃ કુંભારિયા બસ સ્ટેન્ડ અને દેવધ રોડ.
પીયૂષઃ પરવટ પાટિયા હનુમાન મંદિર પાસે.
મંગલઃ વલ્લભનગરમાં.
દીપકઃ BRTS રોડ, શિવનગરના ખુલ્લા મેદાનમાં.
લાભુ/બાવડિયાઃ રાજુનગર, સહરા દરવાજા ફ્રૂટ માર્કેટ પાછળ.
વિજયઃ સરદાર નગર પોલીસ ચોકીની એકદમ બાજુમાં!
રાજુ (લાડી) અને રમેશ (લાડી): દેવધ રોડ અને શક્તિનગર વિસ્તારમાં.

સુરતઃ ડાયમંડ સિટી સુરતના પુણા વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ભ્રષ્ટાચાર અને ગેરકાયદે પ્રવૃત્તિઓના 'કાળા કારોબાર'નો ભાંડો ફૂટતાં પોલીસ બેડામાં ભારે ચર્ચાઓ જાગી છે. સુરત પોલીસમાં ફરજ બજાવતો લાલો રબારી નામનો એક કોન્સ્ટેબલ સમગ્ર વિસ્તારનો 'અઘોષિત PI' બનીને વહીવટ ચલાવતો હોવાની ગંભીર ફરિયાદો છેક પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત સુધી પહોંચતાં પોલીસ બેડામાં સોપો પડી ગયો છે. પુણા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાણે લકવાગ્રસ્ત થઈ ગઈ હોય તેમ એક સામાન્ય કોન્સ્ટેબલ ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી આખું નેટવર્ક ચલાવી રહ્યો છે. આંતરિક સૂત્રોના જણાવ્યાનુસાર પુણામાં પીઆઈ તો માત્ર રબ્બર સ્ટેમ્પ બનીને રહી ગયા છે, જ્યારે તમામ 'ગેરકાયદે વહીવટ' લાલો સંભાળે છે. ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાલાનો એવો દબદબો છે કે તે મહિને અંદાજે રૂ.1.50 કરોડનું સેટિંગ પાડતો હોવાની ગંભીર વાત કમિશનરના કાને પહોંચી છે. જો કે, નવાઈની વાત એ છે કે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને થયેલા આ દરોડા બાદ પણ પુણામાં દારૂના અડ્ડાઓ યથાવત છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા રહેણાક વિસ્તારના વિડીયોમાં કુખ્યાત બુટલેગર 'ભાવડિયા'નો ઈંગ્લિશ દારૂનો અડ્ડો ધમધમતો દેખાઈ રહ્યો છે, જે પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે.

આ ભ્રષ્ટાચારની ગંધ સીધી કમિશનર કચેરી સુધી પહોંચતાં અનુપમસિંહ ગહલોતે તાત્કાલિક તપાસના આદેશો જારી કર્યા છે. એકબાજુ પોલીસ ડ્રગ્સ ફ્રી સિટીની વાતો કરી રહી છે, ત્યારે બીજી બાજુ પુણા જેવા વિસ્તારોમાં 50થી વધુ અડ્ડા કોન્સ્ટેબલના 'લાલ' આશીર્વાદથી ચાલતા હોવાનું સામે આવતા હવે જોવાનું એ રહે છે કે, શું 'લાલા' અને તેના આકાઓ સામે કડક પગલાં લેવાશે કે પછી ફરીથી મામલો ઠંડો પાડી દેવામાં આવશે?

સોનાની દાણચોરી કેસમાં આરોપીની જામીનઅરજી કોર્ટે ફગાવી

સુરતઃ મહિધરપુરા પોલીસ મથકે નોંધાયેલા સોનાની દાણચોરીના કેસમાં આરોપી ભાવિક પ્રવિણભાઈ કટારિયાની જામીનઅરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. વોન્ટેડ આરોપી નિરાલી રાજપૂતે ધરપકડ કરાયેલા હાલના અરજદાર આરોપી ભાવિકભાઈ પ્રવિણભાઈ કટારિયા, આરોપી અમિત જગદીશભાઈ સોની અને ઈકરામુલહક ઉર્ફે અકરમ ઈસ્માઈલભાઈ પટેલ સાથે મળીને સોનું ખરીદવા માટે દુબઈ મોકલ્યા હતા. અરજદાર આરોપી ભાવિક આરોપી અકરમ પાસેથી અમદાવાદ એરપોર્ટ પરથી 26,34,500ની કિંમતનું સોનું ભરેલી બેગ લઈ ટ્રેન દ્વારા સુરત આવતાં એસઓજી પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. સરકાર પક્ષે એપીપી એન એમ ચોડવડિયાએ દલીલો કરી હતી કે આરોપીને જામીન આપવાથી સાક્ષીઓને પ્રભાવિત કરવાની અથવા પુરાવા સાથે ચેડા કરવાની શક્યતા છે.

રેલવે ટ્રેક પર યુવતીનું રિલ મેકિંગ કે મોતને આમંત્રણ?

સચિનમાં જોખમી સ્ટંટનો વિડીયો વાયરલ થતાં તંત્ર એક્શનમાં

સુરતઃ આ સુરતના સચિન રેલવે સ્ટેશન નજીકનો એક એવો જ ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક યુવતી રેલવે ટ્રેકની બિલકુલ વચ્ચે ઊભી રહીને ફિલ્મી ગીતો પર રીલ બનાવી રહી છે.

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે યુવતી સચિન રેલવે સ્ટેશનના ટ્રેક પર કોઈ પણ જાતના ડર વગર ચાલી રહી છે અને પોઝ આપી રહી છે. આ જગ્યા એવી છે જ્યાંથી હાઈ-સ્પીડ એક્સપ્રેસ ટ્રેનો સતત પસાર થતી હોય છે. જો શૂટિંગ દરમિયાન અચાનક ટ્રેન આવી ગઈ હોત, તો યુવતીને ભાગવાનો મોકો પણ ન મળત. માત્ર થોડી સેકન્ડના વિડિયો માટે યુવતીએ પોતાનો કિંમતી જીવ દાવ પર લગાવી દીધો હતો.

રેલવે ટ્રેક પર અનધિકૃત રીતે પ્રવેશ કરવો એ કાયદાકીય ગુનો છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ના નિયમો મુજબ, ટ્રેક પર જવું કે ત્યાં શૂટિંગ કરવું એ રેલવે એક્ટની કલમ 147 હેઠળ ગુનો બને છે, જેમાં જેલની સજા અથવા દંડની જોગવાઈ છે. સુરતના આ કિસ્સામાં યુવતીએ માત્ર પોતાનો જીવ જ જોખમમાં નથી મૂક્યો, પરંતુ કાયદાના લીરેલીરા ઉડાડ્યા છે. લોકોનું કહેવું છે કે જો આવા તત્વો સામે દાખલો બેસે તેવી કાર્યવાહી નહીં કરવામાં આવે, તો અન્ય યુવાનો પણ પ્રેરાઈને આવા જોખમી સાહસો કરશે.

ગોડાદરાના ઠગ દંપતીએ ખેડૂતને 42.50 લાખમાં રડાવ્યો

સુરતઃ ટાઈટલ ક્લિયર અને કોઈપણ પ્રકારનું લેણું ન હોવાનું કહીને વેચાયેલી મિલકત પર બાદમાં બેંકનું રૂ.૪૨.૫૦ લાખનું લેણું હોવાની હકીકત બહાર આવતા ભોગ બનનાર ખેડૂતે વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગોડાદરાના લક્ષ્મી પાર્ક રો-હાઉસમાં રહેતા ખેડૂત લાખાભાઈ રૂડાભાઈ કાતરીયાએ ફરિયાદમાં જણાવ્યું કે અભિષેકકુમાર દિપકકુમાર આહીર અને તેની પત્ની સુનીતા આહીર (રહે. ટ્વીલાઈટ સ્ટાર, કેપિટલ સ્કવેર પાસે, ગોડાદરા)એ વરાછાના એલ.એચ. રોડ વિક્રમનગર સોસાયટીની ઘર નંબર ૧૪૪ની મિલકત વેચાણથી આપી હતી. વેચાણ સમયે આરોપીઓએ મિલકત પર કોઈ લોન નથી અને બેંકનું તમામ લેણું ચૂકવાઈ ચૂક્યું હોવાનું જણાવ્યું હતું. જોકે, બાદમાં ખબર પડી કે આ મિલકત પર બેંકનું રૂ.૪૨.૫૦ લાખનું લેણું બાકી છે. દરમિયાન ભવાનભાઈ સાદુળભાઈ જીંજાળા વચ્ચે આવ્યા અને તેમણે પણ લેણું ચૂકવી આપવાની જવાબદારી સ્વીકારી હતી. છતાં ઘણાં સમય સુધી એક પણ રૂપિયો બેંકમાં ભરાયો નહીં.

ઓડિસી નૃત્યને ફક્ત ઈન્ટરનેટ કે AIથી શીખી શકાય નહીં

ગુરુ-શિષ્ય પરંપરા જ શાસ્ત્રીય નૃત્યની કળા શીખવી શકે છે

દરેક કલાકારની પોતાની ધારા હોય છે, નૃત્યમાં અન્ય અભ્યાસ આવી શકે છે

સુરતઃ યુવા પેઢીઓ ભારતીય સંસ્કૃતિ અને કલા વારસાને જાણી સમજી શકે તે હેતુથી સુરતમાં SVNIT દ્વારા 'વિરાસત-2026-A Journey Towards Our Roots'નો એક કાર્યક્રમ શરૂ કરાયો છે. પ્રથમ દિવસે સોમવારે તા. 2 ફેબ્રુઆરીના રોજ પદ્મશ્રી માધવી મુદ્‌ગલ દ્વારા કલાત્મક ઓડિસી નૃત્ય રજૂ કરાયું હતું, જેનો કલાપ્રેમી સુરતની જનતાએ આનંદ માણ્યો હતો. 'ગુજરાતમિત્ર'ને આ પ્રસંગે પદ્મશ્રી કલાકાર સાથે વિશેષ મુલાકાત લેવાનો અવસર મળ્યો હતો. જેના અંશો અહીં પ્રસ્તુત છે.

સવાલઃ તમે શરૂઆતમાં ભરતનાટ્યમ અને કથકની તાલીમ લીધી હતી, પછી ઓડિસી તરફ કેવી રીતે અને શા માટે આકર્ષાયા? તે સમયે નિર્ણય લેતી વખતે શું વિચાર હતો?

જવાબઃ મારો જન્મ સંગીતમય વાતાવરણમાં થયો હતો. મારા પિતાજીએ દિલ્હીમાં પહેલી ગાંધર્વ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી. મ્યુઝિક-ડાન્સના ક્લાસ હું બાળપણથી જ ભાગ લેતી. ત્યારે ઓડિસી હતું જ નહીં. એટલે ભરતનાટ્યમ-કથ્થકથી શરૂઆત કરી હતી. જ્યારે મેં યુવાન વયે ઓડિસી જોયું. તેનું લાલિત્ય મને પસંદ પડ્યું અને તેની તરફ વળી.

સવાલઃ ગુરુ કેલુચરણ મોહાપાત્ર સાથેની તમારો સૌથી યાદગાર અનુભવ કયો રહ્યે છે? તેમની શિક્ષણ-શૈલીમાં તમને સૌથી વધુ પ્રભાવિત કરનાર વિશેષતા શું હતી?

જવાબઃ મારું જીવન જ નહીં ઓડિસી નૃત્ય કળાના વિકાસમાં તેમનું અદ્‌ભૂત યોગદાન રહ્યું છે. તેમણે અનેક શિષ્યા તૈયાર કરી.

સવાલઃ તમારા મતે ઓડિસીનું સૌથી મોટું લક્ષણ શું છે જે અન્ય શાસ્ત્રીય નૃત્યોમાંથી તેને અલગ પાડે છે?

જવાબઃ તે શાસ્ત્રીય નૃત્ય છે, પરંતુ ઓડિસીમાં મૂર્તિ ભંગિમાં છે. નૃત્યકારની પોઝિશન ત્રિભંગ હોય છે. તે અન્ય શૈલીઓમાં નથી. તેથી ઓડિસીના મૂવમેન્ટ મૂર્તિવંત પ્રતિત થાય છે.

સવાલઃ ઓડિસીની પરંપરાગત શૈલીને જાળવી રાખીને તમે તેમાં પોતાની સંવેદનશીલતા અને સૂક્ષ્મ રીતે ફેરફાર કર્યા છે. આ સંતુલન કેવી રીતે જાળવો છો?

જવાબઃ હું ચેન્જ નહીં કહીશ પરંતુ દરેક કલાકાર પોતાની ધારા આપે છે. હું દિલ્હીમાં આર્કિટેકની સ્ટુડન્ટ રહી છું. લોકોનું ઓબ્ઝર્વેશન કહે છે કે મારા નૃત્યમાં આર્કિટેક્ચર રિધમ, ડિરેક્શનની ફીલિંગ દેખાય છે.

સવાલઃ તમે ઘણા સમયથી ગુરુકુળ શૈલીમાં શિક્ષણ આપો છો, આજના ડિજિટલ યુગમાં શું ઓનલાઈન/વર્ચ્યુઅલ શિક્ષણ શાસ્ત્રીય નૃત્યના ગુરુ-શિષ્ય પરંપરાને અસર કરી રહ્યું છે?

જવાબઃ હું વર્ચ્યુઅલ નૃત્ય શીખવાડતી નથી. તે યોગ્ય નથી. આ કળા ગુરુની સમક્ષ જ શીખી શકાય. વર્ષોની તપસ્યા બાદ ઓડિસી નૃત્યનું ઊંડાણ સમજી શકાય છે. તમે કશું બની જશો પરંતુ તેમાં ઊંડાણ નહીં આવે. ઈન્ટરનેટ ગુરુ પાસે દિશા લેવા પૂરતી છે. શાસ્ત્રીય નૃત્ય કળા શીખવા ગુરુ-શિષ્યા પરંપરા જ યોગ્ય છે.

સવાલઃ આજના સમયમાં ઓડિસીને વધુ યુવા પેઢી સુધી પહોંચાડવા માટે તમે કયા પડકારો જુઓ છો અને તેના ઉકેલ તરીકે શું સૂચન કરશો?

જવાબઃ ઈન્ટરનેટ સૌથી મોટી ચેલેન્જ છે. તે ડોક્યુમેન્ટેશન પૂરતું બરોબર છે. ઓફલાઈન શીખવવામાં પણ ચેલેન્જ છે. બાળકો આસપાસ સમયનો જંજાળ છે. એકથી વધુ ચીજો શીખવા પર ધ્યાન હોવાના લીધે એક કળા પૂરું ધ્યાન આપી ઊંડાણપૂર્વક શીખી શકતા નથી. વળી, મોબાઈલે બાળકોનું જીવન બરબાદ કર્યું છે. સોશિયલ મીડિયામાં એક મિનિટમાં જોયું તે સારા ડાન્સર હોઈ તે જરૂરી નથી.

સવાલઃ સુરત કેવું લાગ્યું, અહીં શું ગમ્યું?

જવાબઃ સુરત ખૂબ જ સ્વચ્છ શહેર છે. અહીંનું ભોજન મને ખૂબ ગમ્યું. વિશેષ આગ્રહ કરી હું ગુજરાતી થાળી જમી છું. મને તે ખૂબ પસંદ પડી.

સંક્ષિપ્ત સમાચાર

માહ્યાવંશી સમાજ સેવા ટ્રસ્ટના સમુહલગ્નમાં ભાગ લેવા માટે સંપર્ક કરવો

સુરતઃ માહ્યાવંશી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૯ મે ૨૦૨૬ શનિવારના રોજ યોજાનાર સમુહ લગ્નમાં યુવક/યુવતીઓ જોડાવા માંગતા હોય તેમણે કીરીટભાઈ રાણા (અમરોલી), ધનસુખભાઈ ઉમરીગર (ચિડિયાકુઈ), ચેતનભાઈ કંથારીયા (કોસાડ), પ્રદિપ ઇચ્છાપોરીયા (મોટીલાલવાડી), બાબુભાઈ ભેંસાણીયા (રાંદેર) તેમજ ગોર મહારાજ મોહનભાઈ (ટુંકીપુરા) નો સંપર્ક કરવો.

ઓલપાડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના બાકી સભ્યો ગિફ્ટ લઈ જાય

સુરતઃ ઓલપાડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનાં પ્રમુખ કરશનભાઇ પટેલ એક નિવેદનમાં જણાવે છે કે મંડળ તરફથી જે ગિફ્ટનું વિતરણ કરવામાં આવ્યું છે તે ૯૫% જેટલું વિતરણ થઇ ગયું છે. જે લોકોને ગિફ્ટ લેવાની બાકી છે તેની છેલ્લી તા. ૨૮/૦૨/૨૦૨૬ની નક્કી કરી છે. તો તે પહેલાં (દર મંગળવારે ૧૨ થી ૫)માં ગિફ્ટ મેળવી લેવી. તે પછી ગિફ્ટ આપવામાં આવશે નહીં.

સુરતમાં કાલથી સૌથી મોટા આંતરરાષ્ટ્રીય થિયેટર ફેસ્ટિવલ 'ભારત રંગ મહોત્સવ'નો પ્રારંભ

સુરતઃ સુરતમાં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા સુરત પર્ફોર્મિંગ આર્ટિસ્ટ્સ એસો. અને જીવનભારતી મંડળ તેમજ ગુજરાત રાજ્ય સંગીત નાટક એકેડેમીના સહયોગથી તા.4થી 8 ફેબ્રુઆરી દરમિયાન સૌથી મોટા આંતરરાષ્ટ્રીય થિયેટર ફેસ્ટિવલ 'ભારત રંગ મહોત્સવ-૨૦૨૬' આયોજન કરવામાં આવશે. કાર્યક્રમ 4 ફેબ્રુઆરીએ માધુરી દીક્ષિત (ગુજરાતી) સાથે શરૂ થશે, ત્યારબાદ 5 ફેબ્રુઆરીએ સંગીત આનંદમઠ (મરાઠી), 6 ફેબ્રુઆરીએ ચૌથી સિગરેટ (હિન્દી) અને 7 ફેબ્રુઆરીએ દૂતવાક્યમ (સંસ્કૃત) નાટક રજૂ થશે. સુરતમાં આ મહોત્સવ 8 ફેબ્રુઆરીએ ઉપાસના સ્કૂલ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા રજૂ કરાયેલ ગુજરાતી નાટક સીતા નો વેશ સાથે સમાપ્ત થશે.

ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા ચિત્રકામ સ્પર્ધા યોજાઈ

સુરતઃ ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી પ્રજાસત્તાક દિવસની ઉજવણી રૂપે તા. ૨૫/૦૧/૨૦૨૫ના રોજ સવારે ૧૧ થી ૧ રવિવારે ચિત્રકામ સ્પર્ધાનું ખ્વાજા ગરીબ નવાઝ ઓ.પી.ડી. સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૫ અને ૬ માટે સ્વચ્છ સુરત, પર્યાવરણનું જતન, ધો.૭ અને ૮ માટે વિશ્વ શાંતિ અને સુરતની ધરોહર વિષયનો સમાવેશ કરાયો હતો. આ સ્પર્ધામાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને ટ્રોફી, ગિફ્ટ તેમજ તમામને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બિસ્કીટ તથા પાણીની બોટલ આપવામાં આવી હતી.

દેપલા ગામ પટેલ સમાજના સમૂહલગ્નમાં 8 યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા

સુરતઃ શ્રી દેપલા ગામ પટેલ સમાજ આયોજીત દીકરી દેવો ભવ તૃતીય સમુહ લગ્ન સમારોહમાં આઠ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતાં. સાથે સાથે રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. જીહાન ઘેવરીયા દ્વારા રાષ્ટ્ર ગીત ગવાયું હતું. ડો. બાબુભાઈ ઘોળીયાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. ઓધવજીભાઈ શિહોરા દ્વારા આશીર્વાદ બાદ ગણેશભાઈ ઘેવરીયાએ યુવા શક્તિને વ્યસન મુક્તિ તેમજ સંયુક્ત પરિવાર સાથે સુખ શાંતિમય સંતોષ કારક જીવન જીવવાની ટીપ તેમજ પટેલ સમાજની એકતાથી કુરિવાજોથી દુર રહેવાની સલાહ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં રમેશભાઈ ઘોળિયાએ યુવાનોને પ્રેરણાત્મક પ્રવચન આપ્યું હતું.

ખેલો ઇન્ડિયા U-13 ઝોનલમાં ગુજરાત ટીમે ટોપ કર્યું